| | | | | | |
|---|---|---|---|---|---|
| सत्य मेव जयते | દાખલ તારીખ | : | ૦૧–૦૫–૨૦૨૫ | | |
| | રજી. તારીખ | : | ૦૧–૦૫–૨૦૨૫ | | |
| | નિકાલ તારીખ | : | ૦૧–૦૪–૨૦૨૬ | | |
| | સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

---

**ખેરાલુના મહે. એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ**
**શ્રી આર. વી. સોની સાહેબની કોર્ટમાં, ખેરાલુ.**

---

**ક્રિમિનલ કેસ નં.૨૯૫/૨૦૨૫**
**આંક–** ૨૦

ફરિયાદી :– ઠાકોર ગુલાબસિંહ રાજુજી,
ઉ.વ.આ.પુખ્ત,ધંધો–ખેતી,
રહે.કુડા,તા.ખેરાલુ,જિ.મહેસાણા।

**<u>વિ રૂ દ્ધ</u>**

આરોપી :– ભગવાનભાઈ વિરમભાઈ ચૌધરી,
ઉ.વ.આ.પુખ્ત,ધંધો–નોકરી,
રહે.ડાબુ,તા.વડનગર,જિ.મહેસાણા।

---

**<u>ગુન્હો :– ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ ૧૩૮ મુજબ</u>**

---

અપિયરન્સ:– ફરિયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી : પી.કે.બ્રહમભટ્ટ

આરોપી પક્ષ તર્ફે વિ. વ. શ્રી : એસ.જી.મેમણ

---

**<u>::– ચુ કા દો –::</u>**

**(૧)** ફરિયાદ પક્ષની ટૂંકમાં હકિકત એવી છે કે, ફરીયાદી મોજે–કુડા, તા.ખેરાલુ, જી.મહેસાણાના કાયમી રહીશ છે અને ખેતી કરી તેઓનું તથા તેઓના પરીવારનું ગુજરાન ચલાવે છે.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

ફરીયાદીના પિતા મોજે–કુડાના કાયમી રહીશ હોઈ અને આરોપી રીલાયન્સ કંપનીના વિમા એજન્ટ હોઈ કુડા ગામમાં આવતા જતા અને તે સમયે ફરીયાદીના પિતાના મિત્ર બનેલા અને જેથી આરોપી ફરીયાદીના પિતાના ઘરે અવાર–નવાર આવતા જતા હોઈ ફરીયાદીના પિતાશ્રીએ ફરીયાદીની ઓળખાણ આરોપી સાથે કરાવેલી. જેથી ફરીયાદી આરોપીને સારી રીતે ઓળખતા થયેલા.જેથી આરોપી ફરીયાદીના ઘરે મોજે–કુડા મુકામે આવેલા અને ફરીયાદીને જણાવેલ કે, મારે અંગત કામ સારૂ રૂા.૧,૦૦,૦૦૦/– ની જરૂરીયાત ઉભી થયેલ છે. જેથી તમો અમોને રૂા.૧,૦૦,૦૦૦/– ની મદદ કરો. તમોને સદર રકમ છ માસ બાદ પરત ચુકવી આપીશું તેવુ જણાવેલુ. જેથી ફરીયાદીના પિતાશ્રીના આરોપી મિત્ર હોઈ અને ફરીયાદી સાથે પણ ઓળખાણ થયેલ હોઈ આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી અઠવાડીયા પછી નાણાંની સગવડ થયેથી આર્થિક મદદપેટે નાણાં આપવાનું ફરીયાદીએ જણાવેલુ. જેથી અઠવાડીયા પછી આરોપી ફરીયાદીના ઘરે મોજે–કુડા મુકામે આવેલા અને તે સમયે ફરીયાદીએ ખેતીનો પાક વેચેલો હોઈ પોતાના ઘરમાં રહેલા રોકડા રૂા.૮૦,૦૦૦/– અંકે રૂપિયા એસી હજાર પુરા આરોપીને આપેલા અને સદર રકમ સ્વીકારી સદર રકમ પરત ચુકવી આપવાનો આરોપીએ છ માસનો વાયદો કરેલો. ત્યારબાદ આરોપીએ કરેલો છ માસના વાયદાનો સમય પુરો થતાં ફરીયાદીએ આરોપીને આપેલી આર્થિક મદદપેટેની કાયદેસરની લેણી નીકળતી રકમ રૂા.૮૦,૦૦૦/– અંકે રૂપિયા એસી હજાર પુરાની ઉઘરાણી કરેલી અને તે સમયે આરોપીએ ફરીયાદીને ખોટા ખોટા વાયદાઓ બતાવેલા અને ફરીયાદી ધ્વારા આરોપી પાસે કડક ઉઘરાણી કરતા આરોપીએ ફરીયાદીને પોતાની બેંક, બેંક ઓફ બરોડા, થલતેજ શાખા, અમદાવાદનો પોતાના ખાતા નં.૨૯૫૧૦૧૦૦૦૧૧૧૩૬ નો ચેક નં.૦૦૦૦૦૬ નો તા.૨૬–૦૩–૨૦૨૫ ના રોજનો રૂા.૮૦,૦૦૦/– અંકે રૂપિયા એસી હજાર પુરાનો ચેક લખી સહી કરી ચેકની પાછળ બે સહીઓ કરી ચેક આપેલો અને જણાવેલ કે, સદર ચેકમાં લખેલી તારીખે તમો તમારા ખાતામાં સદર ચેક ભરી દેશો તો તમોને તમારી પુરેપુરી રકમ મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો. જેથી ફરીયાદીએ આરોપીએ સદર ચેકમાં લખેલી તારીખે પોતાની બેંક ઓફ બરોડા, ખેરાલુ શાખામાં પોતાના ખાતા નં.૦૧૫૫૦૧૦૦૦૪૩૧૦૭માં તા.૨૬–૦૩–૨૦૨૫ ના રોજ ભરેલો. અને સુંદર ચેક તા.૨૬–૦૩–૨૦૨૫ ના રોજ તેના કારણ નં.૧૯(એ) ઈન સફીશીયન્ટ ફંડના શેરા સાથે રીટર્ન મેમા સાથે પરત ફરેલો અને સદર બાબતની જાણ તેજ દિવસે ફરીયાદીની બેંક ફરીયાદીને કરેલી. ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ આપવી પડતી ફરજીયાત કાનુની નોટીસ આરોપીને રહેઠાણના સરનામે આર.પી.એડી.થી તા.૦૩–૦૪–૨૦૨૫ ના રોજ આપેલ. જે નોટીસ આરોપીને તા.૦૪–૦૪–૨૦૨૫ ના રોજ બજી ગયેલ છે. તેમ છતાં આરોપીએ ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ કે ફરીયાદીની લેણી રકમ ફરીયાદીને

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

ચૂકવી આપેલ નથી.

**(૨)** હાલની ફરિયાદ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ (હવે પછીથી ફકત''એકટ'' તરીકે ટુકમા ઉલ્લેખ કરેલ છે.) ની કલમ ૧૩૮ અન્વયે મારી સમક્ષ ફરીયાદીએ તા.૧/૫/૨૦૨૫ ના રોજ કરેલી છે. સદર ફરિયાદ રજુ થતાં આરોપીને પ્રોસેસ કાઢવાનો હુકમ કરેલો છે. જે હુકમ મુજબ આરોપીને પ્રોસેસ બજતાં આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા અને ત્યારબાદ હાલના કેસની કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ કેસ તરીકે શરુ કરવામાં આવેલ હોવાનુ રેકર્ડ પરથી સ્પષ્ટ જણાય છે. ત્યારબાદ આરોપીને તેની સામેના ગુનાના આક્ષેપો વાંચી સંભળાવી**,**સમજાવી તેનુ નિવેદન **આંક– ૦૭** થી નોંધવામાં આવતા આરોપીએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કર્યો હોઈ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયલ તરીકે શરુ કરવામાં આવેલી છે. હાલના આરોપીને નકલો મળેલ હોવા અંગે ની ખાતરી કરવામા આવેલ છે.

**(૩)** ફરિયાદ પક્ષ તરફથી કેસના સર્મથનમાં નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(એ) **<u>મૌખિક પુરાવો</u>** :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ઠાકોર ગુલાબસિંહ રાજુજીની જુબાની | ૦૫ |

(બી) **<u>દસ્તાવેજી પુરાવો</u>** :–

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ચેક જમા સ્લીપ | ૧૧ |
| ૨ | અસલ ચેક નં.૦૦૦૦૦૬ | ૧૨ |
| ૩ | રીટર્નમેમો | ૧૩ |
| ૪ | આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત | ૧૪ |
| ૫ | આરોપીને નોટીસ આરપીએડી કરી તે અંગેની પોસ્ટની સ્લીપ | ૧૫ |
| ૬ | નોટીસ બજી ગયા અંગેનો પોસ્ટ ઓફીસનો ઓનલાઈટ ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટ | ૧૬ |

(૪) ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ ફરિયાદી તર્ફે પુરાવા બંધનું પુરસીસ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ**,**આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ છે. જે અન્વયે આરોપી

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

નાએ ફરીયાદપક્ષના પુરાવામાંના પોતાની વિરૂધ્ધના લગભગ તમામ સંજોગોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે,સદર ચેક તેઓએ ફરીયાદીને નામથી ભરી આપેલ નથી પરંતુ ઠાકોર સીતાબેન ભલાજી તથા ઠાકોર જસવંતજીના વીમા કંપનીના કલેઈમ નામંજુર થતા તેમાં ભરેલ પ્રીમીયમની રકમના સીકયુરીટી પેટે કોરો ચેક આપેલ અને તે ચેકનો ફરીયાદીએ પોતાનુ નામ લખી ખોટી તારીખ લખી ચેકનો દુરુપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે.

ત્યારબાદ, આરોપીપક્ષે બચાવમાં સોગંદ ઉપર જુબાની આપવાનો તેમજ બચાવમાં સાહેદો તપાસવાનો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવાનો ઈન્કાર કરેલ છે.

(૫) ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

ફરીયાદી તર્ફે વિ.વ.શ્રીએ પોતાની દલીલમા જણાવેલ છે કે, આ કામે ફરીયાદીએ પોતે તથા કલમ-૧૩૯ ના અનુમાનથી ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરેલ છે. આ કામે ફરીયાદીએ પોતે સોગંદ પર જુબાની આપેલ છે જેની ઉલટતપાસમાં આરોપીપક્ષ કોઈ મહત્વનો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. ફરીયાદી પોતાની ઉલટતપાસમાં પણ પોતાની સરતપાસને વળગી રહેલ છે. આરોપી તરફે વાદગ્રસ્ત ચેકમા પોતાની સહી ન હોવાની કોઈ તકરાર નથી. સમય મર્યાદામાં ફરીયાદ કરેલ છે. નોટીસનો કોઈ જવાબ આરોપીએ આપેલ નથી. ફરીયાદપક્ષ તરફે કલમ-૧૩૮ હેઠળના ગુના માટે નેગોશીયેબ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ મા ઠરાવવામા આવેલ તમામ સમય મર્યાદાઓનુ પાલન કરેલ છે. ચેકનુ એકઝીકયુશન પણ પુરવાર થાય છે. આમ, ફરીયાદપક્ષની તરફેણમાં કલમ-૧૩૯ હેઠળનુ અનુમાન ઉપલબ્ધ થયેલ છે જેનું આરોપીપક્ષે ખંડન કરવામા આવેલ નથી.આથી, આરોપીને મહત્તમ સજા કરવી જોઈએ.

આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલમા જણાવેલ છે કે, સદર ચેક તેઓએ ફરીયાદીને નામથી ભરી આપેલ નથી પરંતુ ઠાકોર સીતાબેન ભલાજી તથા ઠાકોર જસવંતજીના વીમા કંપનીના કલેઈમ નામંજુર થતા તેમાં ભરેલ પ્રીમીયમની રકમના સીકયુરીટી પેટે કોરો ચેક આપેલ અને તે ચેકનો ફરીયાદીએ પોતાનુ નામ લખી ખોટી તારીખ લખી ચેકનો દુરુપયોગ કરી

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

ખોટી ફરીયાદ કરેલ છે. આરોપી પાસે ફરીયાદીનુ કોઈ કાયદેસરનુ લેણુ નથી. ફરીયાદી આરોપી પાસે કોઈ રકમ માંગતા ન હોવા છતા ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે. આ તમામ બાબતો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી વીરુધ્ધનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવામા નીષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ.

(૬).. હવે આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો 1977 SUPREME COURT 170 "Rabindra Kumar Dey v. State of Orissa" નો ચુકાદો ધ્યાને લેતા સદર ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતે નીચે પ્રમાણે ઠરાવેલ છે.

"Three cardinal principles of criminal jurisprudence are well settled namely:

(1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving its case;

(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) that the onus of the prosecution never shifts."

આમ ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો વ્યાજબી શંકા રહીત પુરવાર કરવાનો રહે છે. તથા આ બોજો કયારેય સીફટ થતો નથી. આ તબકકે નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૨ ની કલમ ૧૩૮ની જોગવાઈઓ ધ્યાને લેતા તે નીચે પ્રમાણે છે.

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the accounts-

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it **exceeds the amount arranged to be paid from that account** by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall without prejudice to any other provisions of

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

this Act, be punished with imprisonment for a term which may extend to two year, or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless-

(a) The cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier.

(b) The payee or the holder induce course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer, of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheques as unpaid, and

(c) The drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation: For the purpose of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

(૬.૧).. હવે, આ તબકકે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટની કલમ–૧૩૯ તથા ૧૧૮ની જોગવાઈઓ ધ્યાને લેતાં નીચે પ્રમાણે છે.

Sec-139. Presumption in favour of holder-

It shall be presumed, unless the Contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

Sec-118.Presumptions as to negotiable instruments- of consideration : as to date; as to time of acceptance; as to time transfer; as to order of indorsement; as to stamp; that holder is a due

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

course-

Until the contrary is proved, the following presumptions shall be made:

(a) that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, as accepted, indorsed, negotiated or transferred for consideration;

...

...

...

(૬.૨).. આમ, આ કલમો વંચાણે લેતાં આરોપીએ સદર ચેક ફરીયાદીને લેણાં કે જવાબદારીની ચુકવણી માટે આપેલ હોવાની હકીકતનું અનુમાન કરવાનું રહે છે. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના AIR 2010 SUPREME COURT 1898 "Rangappa v. Mohan" Criminal Appeal No.1020 of 2010 (arising out of SLP (Cri.) No.407 of 2006 (ડી.સી.આર.૨૦૧૦(૧) પાન નં.૭૦૬ (એસ.સી.)નો ચુકાદો ધ્યાને લેતાં નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદાના પેરા ૧૪ માં નીચે પ્રમાણે અવલોકન કરેલ છે.

14.In light of these extracts, we are in agreement with the respondent-claimant that the **presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability.** <u>To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct.</u> However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the **accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities'.** Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, **the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

(૬.૩).. આ ઉપરાંત **Rohitbhai Jivanlal Patel v. State of** Gujarat ના કેસમા પણ નીચે પ્રમાણે ઠરાવેલ છે.

> “In the case at hand, even after purportedly drawing the presumption under Section 139 of the NI Act, the trial court proceeded to question the want of evidence on the part of the complainant as regards the source of funds for advancing loan to the accused and want of examination of relevant witnesses who allegedly extended him money for advancing it to the accused. This approach of the trial court had been at variance with the principles of presumption in law. After such presumption, the onus shifted to the accused and unless the accused had discharged the onus by bringing on record such facts and circumstances as to show the preponderance of probabilities tilting in his favour, any doubt on the complainant's case could not have been raised for want of evidence regarding the source of funds for advancing loan to the appellant accused.....”

(૬.૪).. વળી, નામદાર સર્વોચ્ચ અદાલતે Hiten P. Dalal V/s. Bratindranath Banerjee,(2001)6 SCC 16 ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ તથા કલમ ૧૩૯ મુજબનના અનુમાનનું ખંડન કયા સંજોગોમાં અને કઈ રીતે કરી શકાય તેમજ આવા અનુમાનનું ખંડન કરવાનો બોજો કોના શિરે છે. સદર ચુકાદાના સંબંધિત પેરા નં.૨૦,૨૧ તથા ૨૩ નીચે મુજબ છે.

> *Para 20. The appellant's submission that the cheques were not drawn for the 'discharge in whole or in part of any debt or other liability' is answered by the third presumption available to the Banks under Section 139 of the Negotiable Instruments Act. This section provides that it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability. 'The effect of these presumptions is to place the evidential burden on the appellant of proving that the cheque was not received by the Bank towards the*

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

*discharge of any liability.*

*Para 21. Because both Section 138 and 139 require that the Court 'shall presume' the liability of the drawer of the cheque for the amounts for which the cheque is drawn, as noted in State of Madras v. A. Vaidyanatha Iyer , it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. 'It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the Accused' (ibid). Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court 'may presume' a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the Accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the Accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact.'*

*Para 23. Judicial statements have differed as to the quantum of rebutting evidence required. In Kundan Lal Rallaram v. Custodian, Evacuee Property, Bombay AIR 1961 SC 1316, this Court held that the presumption of law under Section 118 of Negotiable Instruments Act could be rebutted. In certain circumstances, by a presumption of fact raised under Section 114 of the Evidence Act. The decision must be limited to the facts of that case. The more authoritative view has been laid down in the subsequent decision of the Constitution Bench in Dhanvantrai Balwantrai Desai v. State of Maharashtra, where this Court reiterated the principles enunciated in State of Madras v. Vaidyanath Iyer (supra) and clarified that the distinction between the two kinds of presumption lay not*

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

*only in the mandate to the Court, but also in the nature of evidence required to refute the two. In the case of discretionary presumption if drawn may be rebutted by an explanation which 'might reasonable by true and which is consistent with the innocence' of the Accused. On the other hand in the case of a mandatory presumption 'the burden resting on the Accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely explanation offered by the by reason of the fact that the Accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that t**he presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely plausible.*** *A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision can not be said to be rebutted....”*

(૬.૫).. વધુમાં, ચેકની કાયદેસરતા બાબતે તેમજ સહી કરેલ ચેકની વિગતો ભરવા અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે Bir Singh Vs. Mukesh Kumar, **2019-** AIR(SC)-**0-2446** ના ચુકાદામાં પેરા નં ૩૨ થી ૩૬ માં જે અવલોકન કરેલ છે તે નીચે મુજબ છે.

*Para 32. The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the8 of the Negotiable Instruments Act.*

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

*Para 33. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.*

*Para 34. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may filled up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.*

*Para 35. It is not the case of the respondent-accused that he either signed the cheque or parted with it under any threat or coercion. Nor is it the case of the respondent, accused that the unfilled signed cheque had been stolen. The existence of a fiduciary relationship between the payee of a cheque and its drawer, would not disentitle the payee to the benefit of the presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of evidence of exercise of undue influence or coercion. The second question is also answered in the negative.*

*Para 36. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt.*

(૬.૬).. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે સદર કાયદાના અનુમાનનું ખંડન

કરવા સબંધે "Dhanvantrai Balwantrai Desai v. State of Maharashtra" , AIR 1964 SC 575 ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે જયારે કાયદાની જોગવાઈમાં 'unless the contrary is proved" શબ્દોનું પ્રયોજન કરવામાં આવેલ હોય ત્યારે આવા અનુમાનનું ખંડન માત્ર ખુલાસાઓથી નહીં પરંતુ પુરાવાથી જ થઈ શકે. જે ચુકાદાના સંબંધિત પેરા નં ૧૨ નીચે મુજબ છે.

*"12. The burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S. 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words "unless the contrary is proved" which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted."*

(૬.૭).. આ ઉપરાંત આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો Special Leave Petition (Crl.) No.12802 of 2022)Rajesh Jain Versus Ajay Singh ના કેસનો ચુકાદો ધ્યાને લેતા તેના પેરા –૫૫ મા નામદાર સર્વોચ્ચ અદાલતે નીચે પ્રમાણે અવલોકન કરેલ છે.

55.As rightly contended by the appellant, there is a fundamental flaw in the way both the Courts below have proceeded to appreciate the evidence on record. Once the presumption under Section 139 was given effect to, the Courts ought to have proceeded on the premise that the cheque was, indeed, issued in discharge of a debt/liability. The entire focus would then necessarily have to shift on the case set up by the accused,since

the activation of the presumption has the effect of shifting the evidential burden on the accused. **The nature of inquiry would then be to see whether the accused has discharged his onus of rebutting the presumption.** If he fails to do so, the Court can straightaway proceed to convict him, subject to satisfaction of the other ingredients of Section 138. If the Court finds that the evidential burden placed on the accused has been discharged, the complainant would be expected to prove the said fact independently, without taking aid of the presumption. The Court would then take an overall view based on the evidence on record and decide accordingly.

56. At the stage when the courts concluded that the signature had been admitted, the Court ought to have inquired into either of the two questions (depending on the method in which accused has chosen to rebut the presumption ): Has the accused led any defense evidence to prove and conclusively establish that there existed no debt/liability at the time of issuance of cheque? In the absence of rebuttal evidence being led the inquiry would entail: Has the accused proved the nonexistence of debt/liability by a preponderance of probabilities by referring to the ‘particular circumstances of the case

(૬.૮).. હવે, ઉપરોકત ચર્ચા કરી તેમ વાદગ્રસ્ત ચેક આરોપીના ખાતાનો હોવાની હકીકત તથા તેના પર આરોપીની સહી હોવાની હકીકત પુરવાર થતી હોય તો ઉપરોકત કલમો તથા ચુકાદાઓ ધ્યાને લેતા નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ ૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ સદર ચેકના ડ્રોઅર યાને કે હાલના આરોપી ઉપર સ્ટેચ્યુટરી અનુમાન કરવાનું રહે કે,**વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણત: કે અંશત: ચુકવણી કરવા માટે આપવામાં**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

**આવ્યો હતો.** સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને તે અનુમાન ખંડનાત્મક(રેબ્યુટેબલ)અનુમાન છે અને ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો બોજો આરોપી ઉપર આવે છે. પરંતુ સાથે સાથે આરોપીના શીરે રહેલો આ પુરાવાનો બોજો આરોપીએ વ્યાજબી શંકાથી પર સાબીત કરીને ડીસ્ચાર્જ કરવાની જરુર નથી પરંતુ આરોપી સદર હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝથી પુરવાર કરે તો પણ આરોપીએ પોતાના ઉપરનો સદર પુરાવાનો બોજો ડીસ્ચાર્જ કરેલ હોવાનું માની શકાય. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે આરોપીએ સોગંધ પર જુબાની આપવી કે બચાવમા પુરાવો જ રજુ કરવો જરૂરી નથી. પરંતુ કેસના રેકર્ડ ઉપર એવા સંજોગો લાવે કે જે એવુ પુરવાર કરતા હોય કે, વાદગ્રસ્ત ચેક કોઈ કાયદેસરના દેવા કે જવાબદારી માટે આપ્યો ન હોવાનુ દર્શાવતા હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનું ગણી શકાય. આરોપીએ વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની ચુકવણી માટે આપવામા આવેલ ન હોવાની હકીકત પ્રિપોન્ડોરનસ ઓફ પ્રોબેબીલીટીસથી સાબિત કરી તેઓની પરનો સાબિતીનો બોજો ડિસચાર્જ કરવો જોઇએ. **આમ, જો કલમ–૧૩૯નુ અનુમાન આ કેસમા લાગુ પડતુ હોય તો ઉપરોકત રાજેશ જૈનના કેસનો નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ધ્યાને લેતા પ્રશ્ન એ ન થાય કે વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની ચુકવણી માટે આપવામા આવેલ હોવાની હકીકત ફરીયાદી પુરવાર કરે છે કે નહી, પરંતુ પ્રશ્ન એ નીર્ણીત કરવાનો થાય કે આરોપી આ અનુમાનનુ ખંડન કરી શકે છે કે નહી.**

(૭)આમ, ખાસ કરીને ઉપરોકત કલમ અનવયેના ગુનાના આ કલમની જોગવાઈઓ પરથી તરી આવતા આવશ્યક તત્વો તથા સદર કાયદાની આ કેસને લાગુ પડતી અન્ય જોગવાઈઓ તથા ઉપરોકત રાજેશ જૈનના કેસનો તથા ઉપરોકત ચર્ચા કરેલ અન્ય ચુકાદાઓ ધ્યાને હાલના કેસનો આખરી નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**(૧)** શું ફરિયાદી નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ તેના દ્વારા નિભાવવામાં આવતા બેન્ક એકાઉન્ટ ઉપર લખવામાં આવેલ ચેક તેની વેલીડીટી પિરીયર્ડમાં એનકેશ

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

કરવા માટે આરોપીની બેન્કમાં ફરીયાદીએ રજુ કર્યો હતો અને વાદગ્રસ્ત ચેક આરોપીના ખાતામાં બીનસ્વીકારાયે પરત આવેલ હતો અને ફરીયાદીએ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ–૧૩૮(બી) મુજબ કાયદેસરની નોટીસ સમય મર્યાદામા મોકલી હતી અને સદર નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ કાયદેસરની મુદતમાં ફરીયાદીને વાદગ્રસ્ત ચેકની રકમ ચુકવી આપેલ નથી અને ફરીયાદીએ ફરીયાદ નિયત સમય મર્યાદામાં દાખલ કરેલ છે ?

(૨). શું આરોપી વાદગ્રસ્ત ચેક કાયદેસરના લેણાંકે જવાબદારીની ચુકવણી માટે આપવામાં આવેલ હોવા બાબતેના ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ અન્વયેના અનુમાનનું ખંડન કરવામાં સફળ થયેલ છે ?

(૩). શું હુકમ ?

(૮) ઉપરોકત મુદદાઓ પરના મારા નીર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧:– હકારમા,

મુદ્દા નં.ર:– નકારમાં,

મુદ્દા નં.૩:–આખરી હુકમ મુજબ.

(૦૯) ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

<u>**મુદ્દા નં.૧**</u> **:–**

(૯.૧).. ફરીયાદી પોતાની જુબાનીથી આરોપીને તેઓએ વાદગ્રસ્ત ચેક આપેલ હોવાની હકીકત પુરવાર કરે છે તથા સદર વાદગ્રસ્ત ચેક આ કામે આંક–૧ર થી ફરીયાદપક્ષે રજુ પણ કરેલ છે. સદર કામે આરોપીનુ વધારાનું નિવેદન નોંધવામા આવેલ છે જેમાં આરોપીને સદર આંક–૧ર વાળા ચેક બાબતે પુછતા જણાવેલ છે કે, '' ચેકમા નામ તારીખ ફરીયાદીએ જાતે લખી લઈ ચેક જમા કરાવેલ છે.''વધુમાં, આરોપીએ સદર નિવેદનના વિશેષ જવાબમાં જણાવેલ છે કે, સદર ચેક તેઓએ ફરીયાદીને નામથી ભરી આપેલ નથી પરંતુ ઠાકોર સીતાબેન ભલાજી તથા ઠાકોર જસવં તજીના વીમા કંપનીના કલેઈમ નામંજુર થતા તેમાં ભરેલ પ્રીમીયમની રકમના સીકયુરીટી પેટે કોરો

ચેક આપેલ અને તે ચેકનો ફરીયાદીએ પોતાનુ નામ લખી ખોટી તારીખ લખી ચેકનો દુરુપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે. આમ, ચેક આરોપીનો હોવાની હકીકત તથા તે ચેકમાં આરોપીની સહી હોવાની હકીકત આ કામે તકરારમાં નથી. આમ, આંક–૧૨ વાળો ચેક આરોપીના ખાતાનો હોવાની તથા તેના પર આરોપીની સહી હોવાની હકીકત ચોકકસ પણે પુરવાર થાય છે.

(૯.૨).. આમ ફરીયાદી આ કામે ચેકનુ એકઝીકયુશન પુરવાર કરવામાં સફળ થયેલ છે. ઉપરોકત કલમ–૧૩૮ ધ્યાને લેતા તથા તે જ કાયદાની કલમ–૧૪૨ ધ્યાને લેતા તેમા વીવીધ સમયમર્યાદાઓ ચેક બેન્કમા રજુ કરવાથી માંડી નોટીસ પીરીયડ પુરો થયે ફરીયાદ દાખલ કરવા સુધીની જણાવેલ છે. જે સમય મર્યાદાઓનુ પાલન ફરીયાદ પક્ષે કરેલ છે કે નહી તે બાબતની ચર્ચા કરુ તો આ કામે આંક–૧૨ વાળો ચેક ધ્યાને લેવામા આવે તો તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજનો ચેક છે. આંક–૧૩ થી રજુ રીટર્ન મેમો ધ્યાને લેતા તેમાં સદર ચેક રીટર્ન થયાની તારીખ–૨૬/૦૩/૨૦૨૫ લખેલ હોવાનું જણાઈ આવે છે. આમ, આંક–૧૩ વાળો રીટર્ન મેમો ધ્યાને લેતા સદર ચેક તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ યાને કે તેના વેલીડીટી પિરીયડની અંદર, આરોપીની બેન્કમા વસુલાત માટે રજુ થઈ ગયેલ હોવાનુ તથા તે ચેક આરોપીના ખાતામાથી અપુરતા ભંડોળના કારણે પરત થયેલ હોવાનુ જણાય છે.આમ, ચેક તેના વેલીડીટી પીરીયડમા બેન્કમા રજુ કરવામા આવેલ છે તે ચોકકસ છે.

(૯.૩)..હવે આ કામે આંક–૧૪ વાળી નોટીસની ઓફીસ કોપી તથા આંક–૧૫ વાળી આર.પી.એડી.સ્લીપ તથા આંક–૨૩ વાળો ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટ ધ્યાને લેતાં આંક–૧૪ વાળી નોટીસ આરોપીને ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ આરોપીના સરનામા પર તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ,યાને કે ચેક પરત ફર્યાથી ૩૦ દિવસની અંદર મોકલેલ હોવાનું જણાય છે.

(૯.૪).. હવે, સદર નોટીસની આરોપીને બજવણી થયેલ છે કે નહી તે બાબતની ચર્ચા કરુ તો સદર નોટીસ આરોપીને તેના ફરીયાદમા જણાવેલ સરનામે આર.પી.એડી.થી મોકલી આપવામા આવેલ હોવાનું આંક–૧૪,૧૫ તથા આંક–૧૬ ધ્યાને લેતા જણાય છે. સદર સરનામું આરોપીનું સાચુ સરનામું ન હોવા બાબતે આરોપીપક્ષે કોઈ તકરાર લેવામાં આવેલ નથી.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

આરોપીને સદર સરનામે કરવામાં આવેલ સમન્સ આરોપીને બજેલ છે. વધુમાં, આરોપીએ તેઓની આંક–૦૭ થી નોંધવામા આવેલ પ્લીમાં પણ આરોપીએ પોતાનું સરનામું ફરીયાદીએ હાલની આંક–૧ ની ફરીયાદમાં જણાવેલ છે તે જ સરનામું જણાવેલ છે. આમ, સદર સરનામું આરોપીનું સાચુ સરનામુ હોવાની હકીકત પુરવાર થાય છે. આમ, સદર નોટીસ આરોપીને તેના સાચા સરનામે રજી.પોસ્ટ એડીથી મોકલવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે. આ તબકકે **જનરલ કલોઝિજ એકટની કલમ–૨૭** ધ્યાને લેતા પણ જયારે રજી.પોસ્ટ એડીથી કોઈ ટપાલ કોઈ વ્યકિતને તેના સાચા સરનામે મોકલવામાં આવે તો તે ટપાલ સામાન્યક્રમમાં બજવણી થાય તે રીતે બજી ગયેલહોવાનું અનુમાન કરવાનું રહે છે. જે અનુમાનનું ખંડન કરવા માટે આરોપીપક્ષે કોઈ પુરાવો આપવામાં આવેલ નથી. આ તબકકે ખાસ નોંધવા યોગ્ય નામદાર સર્વોચ્ચ અદાલતનો **2007 AIR SCW 3578 "C. C. Alavi Haji v. Palapetty Muhammed" Criminal Appeal No. 767 of 2007** ના કેસનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. આ ચુકાદાના પેરા ૧૫, ૧૬ તથા ૧૭ મા નામદાર સર્વોચ્ચ અદાલતે કરેલ અવલોકનો ધ્યાને લેતાં હાલના કેસમાં ફરીયાદ તથા નોટીસમાં જણાવેલ સરનામું એજ આરોપીનું સાચુ સરનામું છે તથા આરોપીએ અદાલતમાં હાજર થયા બાદ ફરીયાદની નકલ મેળવ્યા બાદ પણ ચેકની રકમની ચુકવણી કરી આપેલ હોય અને અત્રેની અદાલતને તે આધારે ફરીયાદ રદ કરવા વિનંતી કરેલ હોય તેવુ બનેલ નથી. આથી, આરોપીને સદર નોટીસ મળી ગયેલ હોવાની હકીકત પુરવાર થયેલ હોવાનુ તથા સદર નોટીસ તેઓને મળેલ ન હોવા બાબતે આરોપી તકરાર લેવા હકકદાર ન હોવાનું મારુ દૃઢતાપુર્વક માનવુ છે.

(૯.૫).. હાલની ફરીયાદ તા.૧/૫/૨૦૨૫ ના રોજ દાખલ કરવામા આવેલ છે. ફરીયાદની તારીખ તથા નોટીસની તારીખ ધ્યાને લેતા આરોપીને નોટીસ બજી ગયા અંગેનો ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટ ધ્યાને લેતા હાલની ફરીયાદ સમયમર્યાદામા દાખલ કરેલ હોવાનું જણાય છે. આમ, ફરીયાદ પક્ષના કેસને કલમ–૧૩૮ અન્વયેના ગુનાને લગતી કોઈ સમયમર્યાદાને લગતી ટેકનીકલીટીનો બાધ નડતો નથી. આંક– ૧૪ વાળી નોટીસની ઓફીસ કોપી ધ્યાને લેતા તેનાથી આ કામે વાદગ્રસ્ત ચેકની રકમની ફરીયાદી ધ્વારા આરોપી પાસે માંગણી કરવામાં આવેલ છે. આમ, સદર નોટીસ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૮(બી) ની જોગવાઈ અનુસાર '' ચેકની રકમની માંગણી

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

કરતી લેખિત નોટીસ '' હોઈ સદર કલમ–૧૩૮(બી) ની આવશ્યકતાઓ પરીપુર્ણ કરે છે. જેથી મુદૃા નં.૧ નો જવાબ હકારમાં આપુ છું.

**(૧૦).. મુદા નં.ર :–**

(૧૦.૧).. ઉપરોકત ચર્ચા કરી તેમ ઉપરોકત કલમ–૧૧૮,૧૩૯ તથા ઉપરોકત ચર્ચા કરેલ રંગપ્પા વિ. મોહન તથા રોહીતભાઈ જીવણલાલ મહેતા તથા રાજેશ જૈનના તથા હીતેન દલાલના કેસના નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ઘ્યાને લેતા આ કામે આ અદાલત સમક્ષ પ્રશ્ન એ નથી કે શું ફરીયાદપક્ષ આરોપીએ આપેલ ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની ચુકવણી માટે આપવામા આવેલ હોવાની હકીકત પુરવાર કરે છે કે નહી, પરંતુ પ્રશ્ન એ છે કે શું આરોપીપક્ષ ઉપરોકત કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ અન્વયેના અનુમાનનું ખંડન કરવામાં સફળ થાય છે કે નહી ? જો આરોપીપક્ષ સદર અનુમાનનું ખંડન કરવામા સફળ થાય તો ત્યારબાદ વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની ચુકવણી માટે આપવામાં આવેલ હોવાની હકીકત સાબીત કરવાનો બોજો ફરીયાદપક્ષ પર આવે છે અને તે સંજોગોમાં સદર હકીકત ફરીયાદપક્ષે ઉપરોકત કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના અનુમાનની સહાય વિના સાબીત કરવાની રહે છે. હવે, આ કામે બચાવપક્ષે ઉપરોકત અનુમાનનું ખંડન કરવા માટે પોતે કોઈ પુરાવો રજુ કરેલ નથી પરંતુ ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે. જે ઉલટ તપાસ મે સંપુર્ણ પણે વંચાણે લીધેલ છે અને આ કેસનો નિર્ણય કરતી વખતે ઘ્યાને પણ લીધેલ છે. જે ઉલટતપાસ નીચે મુજબ છે.

'' હુ ખેતી તથા પશુપાલનનો ધંધો કરુ છુ. મારે પંદર વિધા જમીન છે. જે જમીન મારા તથા મારા બીજા બે ભાઈ તથા મારા પિતાના સંયુકત નામે ચાલે છે. મારા ભાગે સાડા ત્રણ વિધા જેટલી જમીન આવે. એ વાત ખરી નથી કે મારી જમીનમાં બધી સીજનના પાક લેવાતા નથી. સાડા ત્રણ વિધા જમીનમા વાર્ષિક દોઢ થી બે લાખનુ ઉત્પાદન થાય. એ વાત ખરી છે કે ખેતી માટે વાર્ષિક ત્રીસથી ચાલીસ હજાર જેટલો ખર્ચ થાય. એ વાત ખરી નથી કે મારા ઘરનો માસિક ખર્ચ દશ થી પંદર હજાર થાય. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સાત થી આઠ હજાર રુપિયા માસિક થાય છે. એ વાત ખરી છે કે વાર્ષિક દશથી પંદર હજાર રુપિયા સામાજીક ખર્ચ પણ મારે થાય છે. મારા પરીવારમાં હું, મારા માતા પિતા તથા મારી પત્નિ તથા એક સંતાન છે. એ વાત ખરી છે કે મારા ઘરે માસિક એક હજાર થી પંદર સો રુપિયા લાઈટ બીલ આવે છે. એ વાત ખરી છે કે વાર્ષિક પાંચ દશ હજાર મેડીકલ સારવારનો પણ ખર્ચ થાય છે. એ વાત ખરી છે કે મારા પરીવારમાં કપડાનો ખર્ચ પણ વાર્ષિક દશ

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

પંદર હજાર થતો હશે. મારા ઘરમાં હુ તથા મારા પિતા તથા મારી પત્નિ એમ ત્રણ મોબાઈલ રાખીએ છીએ. એ વાત ખરી છે કે એક મોબાઈલનો માસિક અઢીસો થી ત્રણસો રુપિયા રીચાર્જનો ખર્ચ મારે થાય છે. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં હુ પશુપાલનનો ધંધો કરતો હોય તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી ખેતીની જમીન બાબતે કોઈ આધાર પુરાવો મેં આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપી નાણાંકીય મદદ મેળવવા કઈ તારીખે મારા ઘરે આવેલા તે મારી ફરીયાદમાં જણાવેલ નથી. મે આરોપીને નાણાં આપેલા તે બાબતે નાણાં આપતી વખતે મારા પિતાને જાણ કરેલી નહી , પછીથી જાણ કરેલી. એ વાત ખરી છે કે વાયદાનો સમય કઈ તારીખે પુરો થયેલ તે તારીખ મારી ફરીયાદમાં જણાવેલ નથી. મેં મારી ફરીયાદમાં ખેતીનો પાક વેચી તેના નાણા આવેલાનુ જણાવેલ છે તે કયો પાક વેચેલો તથા તેના કેટલા નાણાં આવેલા છે તે હાલ યાદ નથી. એ વાત ખરી છે કે ખેતીના પાક વેચાણના કોઈ નાણાં આવેલ હોય તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ઠાકોર સીતાબેન ભલાજી મારા ફોઈની દીકરી થાય છે, જે સિધ્ધપુર તાલુકાના કનેસરા ગામે રહે છે. એ વાત ખરી છે કે સદર સીતાબેન ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે આરોપી ભગુભાઈ વિમા એજન્ટનુ કામ કરતાં હતાં. એ વાત ખરી છે કે સીતાબેનને એચ.ડી.એફ.સી. કંપનીનો રુપિયા દશ લાખનો વિમો આરોપી ભગુભાઈ પાસે ઉતરાવેલો. એ વાત ખરી નથી કે તે પોલીસી પેટે રુપિયા ચાલીસ હજાર મેં ભગુભાઈને આપેલા. એ વાત ખરી છેકે સીતાબેને જે વીમો ઉતરાવેલો તે મારા પિતાની ઓળખાણ થી ઉતરાવેલો. એ વાત ખરી છે કે સદર સીતાબેન ગુજરી જતા તેમના વિમાની રકમનો કલેઈમ એચ.ડી.એફ.સી.કં પનીએ નામંજુર કરેલો. એ વાત ખરી છે કે ઠાકોર જશવંતજી કડવાજી, રહે.ખટાસણાવાળાને હુ ઓળખુ છુ. જે મારા સાઢુ થાય છે. એ વાત ખરી છે કે સદર જશવંતજીએ પણ આરોપી પાસે બજાજ એલાયન્સ કંપનીનો રુપિયા દશ લાખનો વિમો ઉતરાવેલો. એ વાત ખરી છે કે તે વિમો જશવંતજી મારી ઓળખાણ અને મારા કહેવાથી આરોપી ભગુભાઈ પાસેથી ઉતરાવેલો. એ વાત ખરી છે કે તે વિમાના પ્રિમીયમની રકમ મારા મારફતે જશવંતજીએ આરોપી ભગુભાઈને આપેલી. એ વાત ખરી છે કે આ જશવંતજી પણ ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે તે જશવંતજી ગુજરી જતાં તેમના વિમાનો કલેઈમ પણ કંપનીએ નામંજુર કરેલો. એ વાત ખરી નથી કે સદર બંને કલેઈમ નામંજુર થતાં મેં સદર બંને વિમાના પ્રિમીયમ રુપિયા એંશી હજારની આરોપી ભગુભાઈ પાસે માંગણી કરેલી.

સવાલ – સદર બંને કલેઈમ નામંજુર થતા ભગુભાઈએ વિમા કંપની સામે સદર બંને મરણ જનારના વારસો મારફતે ગ્રાહક સુરક્ષામાં ફરીયાદ કરાવેલી ?

જવાબ– ભગુભાઈએ જણાવેલ કે આ મયુદીન નામના વકીલ સાહેબ છે તેમના મારફતે ગ્રાહક સુરક્ષા અદાલતમાં કેસ કરો જેથી કેસ કરેલો.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

સવાલ – સદર વિમાના પ્રિમીયમની રકમ બાબતે તમોએ આરોપી પાસેથી રુપિયા એશી હજારનો ચેક લીધેલો ?

જવાબ મેં આરોપીને ૨૦૨૪ ના વર્ષના આશરે સાતમા મહિનામાં રુપિયા એંશી હજાર આપેલા તે બાબતે આરોપીએ ચેક આપેલો.

એ વાત મને યાદ નથી કે સદર બંને વિમાના કલેઈમ ૨૦૨૪ ના વર્ષમાં નામંજુર થયેલા. એ વાત ખરી નથી કે મેં એવુ જણાવેલ કે જો ગ્રાહક અદાલતમાં આ કલેઈમ મંજુર થશે તો હુ તમને ચેક પાછો આપી દઈશ. એ વાત ખરી છે કે સીતાબેનના મરણ બાબતે પાટણ ગ્રાહક અદાલતે રુપિયા દશ લાખનો કલેઈમ વ્યાજ સાથે મંજુર કરેલો. એ વાત ખરી છે કે જશવંતજીના મરણ બાબતેના કલેઈમ બાબતેનો કેસ હાલ ગ્રાહક અદાલતમાં ચાલુ છે. એ વાત ખરીછે કે વાદગ્રસ્ત  ચેકમા રકમ સિવાયની વિગતો અલગ પેનથી લખેલ છે.

સવાલ–સદર રકમ સિવાયની વિગતો ચેકમાં તમે ભરેલ છે ?

જવાબ – આરોપીએ સહી કરી રકમ લખી મને ચેક આપેલ અને કહેલ કે છવ્વીસમી માર્ચે તમે ચેક નાખજો તમને નાણાં મળી જશે જેથી ચેકમાં મારુ નામ મેં જાતે લખેલુ.

એ વાત ખરી છે કે ચેકમાં તારીખ તથા મારુ નામ મેં જાતે લખેલુ. એ વાત ખરી નથી કે આવી કોઈ એંશી હજારની રકમ મેં આરોપીને આપેલ નથી છતાં ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથીકે મારા સબંદીઓનો કલેઈમ નામંજુર થતા મેં રુપિયા એંશી હજારનો કોરો ચેક આરોપી પાસેથી લીધેલો."

(૧૦.૨).. આમ, ઉપરોકત ઉલટ તપાસ ધ્યાને લેતા જણાય છે કે, આરોપીપક્ષ ફરીયાદીની ઉલટ તપાસમાં સદર કલમ–૧૩૯ નુ અનુમાનનુ ખંડન કરવા માટે કોઈ મહત્વની  હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. આ કામે આરોપીપક્ષે ફરીયાદીની કરવામાં આવેલ ઉપરોકત ઉલટતપાસ ધ્યાને લેતા તેમા ફરીયાદીની આર્થિક સધ્ધરતાને ચેલેન્જ કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. પરંતુ સદર ઉલટતપાસમાં ફરીયાદીએ અન્ય હકીકતો ઉપરાંત જણાવે છે કે,'' હુ ખેતી તથા પશુપાલનનો ધંધો કરુ છું. મારે પંદર વીઘા જમીન છે. જે જમીન મારા તથા મારા બીજા બે ભાઈ તથા મારા પિતાના સંયુકત નામે ચાલે છે. મારા ભાગે સાડા ત્રણ વીઘા જેટલી જમીન આવે.'' આ ઉપરાંત, ફરીયાદીએ જણાવેલ છે કે,'' મારા ઘરમા હુ તથા મારા પિતા તથા મારા પત્ની એમ ત્રણ મોબાઈલ રાખીએ છીએ. એ વાત ખરી છે કે એક મોબાઈલનો માસીક અઢીસો થી ત્રણસો રુપીયા રીચાર્જનો ખર્ચ

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

મારે થાય છે.'' **જે બાબતથી પણ ફરીયાદીની આર્થીક સક્ષમતાનો ખ્યાલ આવે છે** આમ, ઉપરોકત ઉલટતપાસ ધ્યાને લેતા ફરીયાદી સદર વાદગ્રસ્ત ચેકની લેણી રકમ રૂા.૮૦,૦૦૦/- જેટલી રકમ આરોપીને આપવા સક્ષમ જ ન હોય તેવી કોઈ હકીકત ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આરોપી પોતાની વિરુધ્ધની કલમ-૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન કરવામા સફળ થયેલ નથી.

(૧૦.૩).. આ ઉપરાંત, આરોપીપક્ષે બચાવ લેવામા આવેલ છે કે વાદગ્રસ્ત ચેકમાં રકમ સીવાયની વિગતો અલગ પેનથી લખેલ છે તેમજ વાદગ્રસ્ત ચેકમાં તારીખ તથા નામ ફરીયાદીએ જાતે લખેલ છે. પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતનો ઉપરોકત બીરસિંગના કેસનો ચુકાદો ધ્યાને લેતા તેમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપીપક્ષનો સદર બચાવ પણ ટકવાપાત્ર જણાતો નથી.

(૧૦.૪).. આ ઉપરાંત, આ કામે આરોપીપક્ષે એવો બચાવ લીધેલ છે કે, ઠાકોર સીતાબેન ભલાજી તથા ઠાકોર જસવંતજીના વીમા કંપનીના કલેઈમ નામંજુર થતા તેમાં ભરેલ પ્રીમીયમની રકમના સીકયુરીટી પેટે કોરો ચેક આપેલ અને તે ચેકનો ફરીયાદીએ પોતાનુ નામ લખી ખોટી તારીખ લખી ચેકનો દુરુપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે. પરંતુ આરોપીપક્ષે ઉપરોકત હકીકત સંબંધે કોઈ જ મોખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ ન હોય સદર બચાવ પણ ટકવાપાત્ર જણાતો નથી. આમ પણ કોઈ એજન્ટ વીમો નામંજુર થવાના કારણે વીમાના પ્રીમીયમની રકમનો વીમાદારના વારસોને ચેક આપે તે બાબત પણ માનવાલાયકણ જણાતી નથી. વધુમાં, આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ફરીયાદીએ તેઓની ફરીયાદમા તેઓ પશુપાલનનો ધંધો કરતા ન હોવાનું જણાવેલ ન હોવાનો તેમજ આરોપી નાણાકીય મદદ મેળવવા માટે કઈ તારીખે તેઓના ઘરે આવેલ તે તેઓની ફરીયાદમાં જણાવેલ ન હોવાનો વાયદાનો સમય કઈ તારીખે પુરો થયેલ તે તારીખ તેઓની ફરીયાદમાં જણાવેલ ન હોવાનો બચાવ લીધેલ છે. પરંતુ ફરીયાદમાં નાનામા નાની વિગતો જણાવવી અનિવાર્ય નથી. ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આરોપીપક્ષ અન્ય કોઈ મહત્વની હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતા ફરીયાદી રૂા.૮૦,૦૦૦/- ની રકમ આરોપીને ચુકવવા માટે સક્ષમ જ ન હોય તેમ દર્શાવી કે અન્ય કોઈ રીતે આરોપી પોતાની વિરુધ્ધની કલમ-૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન કરવામા સફળ થયેલ નથી અને વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની ચુકવણી માટે આપવામા આવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ કલમ-૧૩૯ ના

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

અનુમાનની મદદથી સાબીત કરવામાં સફળ થયેલ છે. જે તમામ બાબત ધ્યાને લેતા મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબ હુકમ કરું છુ.

**:: હુ ક મ ::**

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫ (૨) અન્વયે આરોપી :–ભગવાનભાઈ વિરમભાઈ ચૌધરી,ઉ.વ.આ.પુખ્ત,ધંધો–નોકરી,રહે.ડાબુ,તા.વડનગર,જિ.મહેસાણાવાળાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

તા. **૧ એપ્રીલ ૨૦૨૬**
સ્થળ : –ખેરાલુ.

(રાકેશકુમાર વસંતલાલ સોની)
એડી.ચીફ જયુડી.મેજી.,ખેરાલુ.
**Code No. Gj 01193**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

**<u>સજા અંગે સાંભળ્યા:–</u>**

ફરીયાદી તરફે તેમના વિ.વકીલશ્રીને સાંભળવામાં આવેલ છે. ફરીયાદીના વકીલશ્રી તરફે રજુઆત છે કે આરોપીએ ફરીયાદીની પાસેથી અંગત કામ સારુ લીધેલ હાથઉછીના નાણાની ચુકવણી નહી કરી વાદગ્રસ્ત ચેક આપેલ છે અને તે ચેકની રકમ ખાતામાં બેલેન્સ નહી રાખી ગંભીર ગુનો કરેલ છે.ફરીયાદીની પાસેથી લીધેલ હાથઉછીની રકમની ચુકવણી પેટે આપેલ ફરીયાદવાળો ચેક ફરીયાદીએ બેંકમા જમા કરાવતા ચેક રીટર્ન થતા આરોપીએ ફરીયાદીના બાકીના પૈસા ન ચુકવી ગં ભીર ગુનો આચરેલ છે. જે રકમ આરોપીએ આજદીન સુધી ચુકવી આપેલ નથી. જેથી આરોપીને કાયદા પ્રમાણે થતી મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

આરોપી તર્ફે એવી રજુઆત છે કે, આરોપી કુટુંબ કબીલાવાળા ગરીબ વ્યકિત છે તેમજ આરોપી ઉપર તેઓના કુટુંબની જવાબદારી છે. આરોપી વિરુધ્ધ આજદીન સુધી અન્ય કોઈ ગુનામાં દોષસિધ્ધી પુરવાર થયેલ નથી. જેથી આરોપી ઉપર દયાભાવ રાખી આરોપીને પ્રોબેશન આપવા અથવા ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

ઉપરોકત રજુઆતો ધ્યાને લીધી. આરોપી વિરૂધ્ધ પુરવાર થયેલ ગુનાની ગંભીરતા જોતા તેમજ હાલમાં દિન પ્રતિદિન આવા પ્રકારના ગુનામાં વધારો થતો હોય તથા આ કામે આજદીન સુધી ફરીયાદીને વાદગ્રસ્ત ચેકની રકમ આરોપીએ ચુકવી આપેલ ન હોય આરોપીને પ્રોબેશનનો લાભ આપવો યોગ્ય જણાતુ નથી. વધુમા, ફરીયાદીને વાદગ્રસ્ત ચેકના નાણા આજદીન સુધી વસુલ મળેલ નથી તેથી તે નાણા તથા તેના પર યોગ્ય તે વ્યાજ પણ ફરીયાદીને વસુલ અપાવવા યોગ્ય્ર જણાય છે. નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ને ઘડવા પાછળ ધારા સભાનો હેતુ ધ્યાને લેતા ચેકની વીશ્ર્વસનીયતા વધે તે હેતુથી પણ આરોપીને યોગ્ય સજા અને ફરીયાદીને યોગ્ય વળતર મળવુ જરુરી જણાય છે. જે તમામ બાબતો તથા કેસની હકીકતો ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>– આખરી હુકમ –</u>**

(૧)આ કામના આરોપી :ભગવાનભાઈ વિરમભાઈ ચૌધરી,ઉ.વ.આ.પુખ્ત,ધંધો–નોકરી,રહે.ડાબુ,તા.વડનગર,જિ.મહેસાણાવાળાઓને ક્રિ.પ્રો. કોડની કલમ– ૨૫૫(૨) અન્વયે

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીને–૧૨ (બાર) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭(૩) અન્વયે ફરીયાદી :–વીંગ્સ કોર્પોરેશન ભાગીદાર તથા કુલ મુખત્યાર પટેલ હાર્દિકકુમાર રમેશભાઈ,ઉ.વ.આ.પુખ્ત,ધંધઠાકોર ગુલાબસિંહ રાજુજી,ઉ.વ.આ.પુખ્ત,ધંધો–ખેતી,રહે.કુડા,તા.ખેરાલુ,જિ.મહેસાણાનાઓને તેઓના ચેકની લ્હેણી રકમ રૂા.૮૦,૦૦૦/– (અંકે રૂપિયા એંશી હજાર ) પુરા તા.૨૬/૦૩/૨૦૨૫ થી (ચેક રીટર્ન તારીખ) વાર્ષીક ૯ ટકા સાદા વ્યાજ સાથે (રકમ ચુકવતા સુધી)ની રકમ આ હુકમ થયેથી– ૨ (બે) માસમાં વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે. જો આ વળતરની રકમ આરોપી ફરિયાદીને ન ચુકવે તો આરોપીએ વધુ–૨(બે) મહિનાની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને સદરહુ હુકમની એક નકલ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૩(૧) મુજબ વિના મુલ્યે કચેરીએ પુરી પાડવી.

(૪) આરોપીએ માત્ર આ ગુન્હાના કામે જો કોઈ સજા ભોગવેલ હોય તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપીએ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે. હુકમ મુજબ સજાચીઠ્ઠી જારી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. **૧ એપ્રીલ ૨૦૨૬**
સ્થળ : –ખેરાલુ.

(રાકેશકુમાર વસંતલાલ સોની)
એડી.ચીફ જયુડી.મેજી.,ખેરાલુ.
Code No. Gj 01193

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu